જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૬/૨૦૨૨   મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૦૦૯/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૬/૦૬/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ. નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૦ | ૦ | ૧૪૦ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૬૯૩ | ૦ | ૧૦૦૬૯૩ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૨ | ૫,૪૦,૧૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## પાલડી પોલીસ સ્ટેશન

## પાલડી સૌરાષ્ટ્ર એસ.ટી. બસ બસમાંથી નજર ચુકવી મોબાઇલની ચોરી કરતી મહીલાને મુદ્દામાલ સાથે પકડી પાડતી પાલડી પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ અમદાવાદ શહેરના હુકમથી તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન–૭ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એન" ડીવીઝન નાઓની સુચના આધારે પાલડી પોલીસ ઇન્સપેકટર શ્રીમતિ રિદ્ધિ દવે નાઓના સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પો.સ.ઇ શ્રી જે.જે.હળવદીયા દ્વારા પાલડી સૌરાષ્ટ્ર બસ સ્ટેન્ડ તથા ઉત્તર ગુજરાત બસ સ્ટેન્ડ તથા પાલડી એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ ખાતે ભીડભાડમાં પેસેન્જરોની નજર ચુકવી મોબાઇલ ચોરીના બનાવો વધારે પ્રમાણમાં બનતા હોય જે ચોરીની પ્રવૃતિ ડામવા અત્રેના પો.સ્ટે. થી અ.લો.ર મોહમદરીઝવાન અમીરમિયા બ.ન.૧૩૨૮૯ તથા હોમગાર્ડ-૦૫ નાઓને ઉપરોક્ત બસ સ્ટેન્ડ ઉપર વોચ રાખવા સારૂ તથા આવા બનાવો નેસ્ત નાબુદ કરવા સારૂ પોઇન્ટ મુકવામાં આવેલ, જે આધારે તા.૦૬/૦૬/૨૦૨૨ નાં રોજ પાલડી એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ ખાતે અ.લો.ર મોહમદરીઝવાન અમીરમિયા બ.ન.૧૩૨૮૯ તથા હોમગાર્ડ જવાન શ્રી નગીન કે. પરમાર તથા ચંદ્રકાંત આર. મકવાણા તથા જફર એસ.બેલીમ તથા ભરત વી. મકવાણા તથા પરશોત્તમ એલ. ચાવડા નાઓ પોઇન્ટ ઉપર હાજર હતા દરમ્યાન એક સ્ત્રીની હીલચાલ શકમંદ લાગતાં તેના ઉપર વોચ રાખતા સદર મહીલા એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ ખાતે બસમાં બેસવા માટે જતાં મહિલા પેસેન્જરના પર્સમાંથી ભીડભાડનો લાભ લઇ નજર ચુકવી મોબાઇલની ચોરી કરી બસમાંથી નીચે ઉતરી ભાગવાનો પ્રયત્ન કરતા તેણીને "શી-ટીમ" ની મદદથી ઝડપી લીધેલ, જેની તપાસ કરતાં તેણી સાબેરાબાનુ વા/ઓ અકરમભાઈ મોહસીનભાઈ જાતે.શેખ(મુમાન) ઉંવ.આ.૩૨ રહે:વટવા ચાર માળિયા "શ્રીલંકા" બ્લોક નં.૨૩, ભોંયતળિયે, મ્યુ.શાળા સામે, વટવા, અમદાવાદ શહેરનાઓ હોવાનુ અને તેણીની પાસેથી રીયલમી કંપનીનો સી-૨૧ મોડલનો કાળા કલરનો મોબાઇલ ફોન જેનો આઇ.એમ.ઇ.આઇ. 869795056430130 તથા 899185704004348 કિં.રૂ.૫૦૦૦/ ગણી શકાય તે મળી આવતાં અને આ દરમ્યાન મોબાઇલ ધારક સંગીતાબેન સંજયભાઈ રાજારામ જાતે.ચૌધરી (કોળી) ઉંવ.૩૫ રહે:મ.નં.૧૬, દિનેશભાઈ રબારીના મકાનમા, સોમાજી ભુપતજીનો કુવો, રબારી વાસ, બળદેવ નગરની સામે, જીવરાજપાર્ક, અમદાવાદ શહેર નાઓ પણ આવી જતાં સદર ગુના બાબતે પાલડી પો.સ્ટે. ગુ.ર.નં. પાર્ટ-એ-૧૧૧૯૧૦૧૬૨૨૦૨૨૫/૨૦૨૨ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબની ફરિયાદ દાખલ કરી આગળની તપાસ પો.સ.ઇ. શ્રી જે.જે.હળવદીયા નાઓને સોંપેલ છે.જે ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.તા.૦૭/૦૬/૨૦૨૨

## મુદ્દામાલ રીકવર :-

રીયલ મી કંપનીનો સી-૨૧ મોડલનો બ્લેક કલરનો મો.ફોન જેના IMEI નં.869795056430130 તથા 89918570400434865019 કિં.રૂ.૫૦૦૦/ ગણી શકાય તે.

## ઝડપી પાડનાર અધિકારી/કર્મચારીઓ:-

(૧)પો.સબ.ઈન્સ. શ્રી જે.જે.હળવદીયા
(૨) વુ.અ.હે.કો. છાયાબેન શંભુભાઇ બ.નં-૮૫૧૭
(૩) અ.લો.ર મોહમદરીઝવાન અમીરમિયા બ.નં.૧૩૨૮૯
(૪) હોમગાર્ડ- નગીન કે. પરમાર
(૫) હોમગાર્ડ-ચંદ્રકાંત આર. મકવાણા
(૬) હોમગાર્ડ- જફર એસ.બેલીમ
(૭) હોમગાર્ડ- ભરત વી. મકવાણા
(૮) હોમગાર્ડ- પરશોત્તમ એલ. ચાવડા

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૧૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૨ કેસ કરી, ૫૩ વ્યક્તિઓને ઝડપી, ૯૦ લીટર દેશી દારૂ, ૧૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૧૦ બિયર ટીન અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૦૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૧૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી. ૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૬૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૧૨/૨૦૨૨**

**નારોલઃ** યોગેશભાઇ મનુભાઇ મહેતા (રહે.એકતાપાર્ક સોસાયટી પુષ્પમ કોપ્લેક્ષ સામે વટવા ઇસનપુર રોડ નારોલ) એ તા.૦૬/૦૬/૨૦૨૨ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૫/૨૦૨૨ રાતના ૯/૦૦ થી તા.૨૯/૦૫/૨૦૨૨ કલાક ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નારોલ ઇસનપુર રોડ વટવા મુખીની વાડીની સામે બાબા રામદેવપીર મંદીરના દરવાજાનું તાળુ તોડી એક પુરૂષ મંદિરમાં પ્રવેશ કરી મંદીરની દાનપેટી તોડી દાનપેટીમાંથી આશરે રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.જી.બ્રિદ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૦૧૩/૨૦૨૨**

**ચાંદખેડાઃ** દેવાંશુ પ્રકાશ ચૌધરી (ઉ.વ.૨૮) (રહે. આદિનાથ સોસાયટી વી.આઇ.પી.રોડ કારેલીબાગ વડોદરા) એ તા.૦૬/૦૬/૨૦૨૨ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૫/૨૦૨૨ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે મોટેરા સ્ટેડીયમમાં રેમ્પ નંબર-૧-એ માં આવેલ બી-બ્લોક-૧૩૩ નંબરની એન્ટ્રી સામે પાણીના સ્ટોલ ખાતે અજાણી વ્યક્તિએ દેવાંશુ ચૌધરીના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૭૨,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.રહેવર ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૧૪/૨૦૨૨</u>**

**બાપુનગરઃ** હિતેશકુમાર ચિમનલાલ ભાવસાર (ઉ.વ.૫૪) (રહે. સત્યમ ફ્લેટ મોહનનગર વિભાગ-૨ સામે બાપુનગર) તા.૨૮/૦૪/૨૦૨૨ સવારના ૬/૧૫ વાગ્યાના સુમારે બાપુનગર સત્યમ ફલેટ નજીક મારૂતી સ્ટુડિયો નામની દુકાન આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ હિતેશકુમાર ભાવસારના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ હિતેશકુમાર ભાવસારે તા.૦૬/૦૬/૨૦૨૨ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.કુંપાવત ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૧૫/૨૦૨૨</u>**

એલીસબ્રીજઃ અજયભાઇ સ/ઓ જંયતીભાઇ પરમાર (ઉ.વ.૨૩) (રહે. મહેનતપુરાના છાપરાં વંદના સ્કુલ સામે આંબાવાડી) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૬/૨૦૨૨ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુંકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હીમાંશુ શશીવદન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.